


અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli / 69/12-14 Validup to 31/12/14

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY

પાના ૮ કિંમત રૂા.૩-૦૦
તા.૬-૧૨-૨૦૧૪ શનિવાર

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ : ૨૨૦૧૫૫ /૨૨૪૯૪૭
99096 11211
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૧ માગસર સુદ ૧૪ વર્ષ : ૧૯ અંક ૯૨




**સ્વચ્છતા અભિયાન માટે શ્રીમતી આનંદીબહેન પટેલે નોમીનેટેડ કરેલ**

# પૂ. રમેશભાઇ ઓઝાની ઉપસ્થિતિમાં આજે રાજૂલા ખાતે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ

**રાજૂલામાં આજે સાંજે ચાર વાગ્યે ચાર સ્થળોએ પૂ. શ્રી રમેશભાઇ ઓઝાની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ**

**રાજૂલાનું માર્કેટ યાર્ડ, તુલશીબાગ, શાકમાર્કેટ, અને બસસ્ટેશન વિસ્તારમાં સફાઇની શરૂઆત**

રાજુલા, રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સ્વચ્છતા અભિયાન માટે નોમીનેટેડ કરેલ પૂ.રમેશભાઇ ઓઝાની પ્રેરક ઉપસ્થિતિમાં આજે સાંજે ચાર વાગ્યે સફાઇ અભિયાનનો પ્રારંભ થનાર છે.રાજુલા માર્કેટ યાર્ડ, તુલસીબાગ, શાકમોર્કેટ અને બસ સ્ટેશન વિસ્તારમાંથી સફાઇ અભિયાનનો પ્રારંભ થનાર છે.




## અમરેલી જિલ્લામાં નવ શરાબીઓ ઝડપાયા

અમરેલી, અમરેલી જિલ્લામાં જાહેરમાં નશો કરેલી હાલતમાં નીકળેલા પ્રતાપ પથુ ધાખડા રે. રાજુલા, રાજુ બાબુ મકવાણા રે. ડેડાણ, અશોક નાજા સોંદરવાર રે. ભાડેર, અનીલ નારણ ચાવડા રે. અમરેલી, મોહન નાનજી ચુડાસમા, વનરાજ બદરૂ વાળા રે. રાજુલા, ઉપેન્દ્ર શ્રી મંગલદીન રે. કોવાયા, રણજીત સોમા રે. લાઠીને પોલીસે ઝડપી લઇ ગુનો નોંધેલ છે.


જોઇએ છે

રીકરીંગ ઉઘરાવી શકે તેવા ઉત્સાહી યુવકની જરૂર છે
પાર્ટ ટાઇમ

રૂબરૂ મળો :- સવારે ૯-૩૦ થી સાંજના ૮-૦૦ સુધી

અવધ નાગરીક શરાફી સહકારી મંડળી
પોષ્ટ ઓફિસ સામે, દેનાબેન્ક ઉપર અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૭૨૯૯





કેટરર્સ ક્ષેત્રે બિનહરીફ નામ એટલે





શ્યામ કેટરર્સ

શ્યામ ડાયનીગ હોલ નીચે એસ.ટી.ડેપો સામે અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

આપને ત્યાં આવતા શુભ પ્રસંગોમાં

➤ કેટરર્સ ➤ ઇવેન્ટ મેનેજમેન્ટ ➤ ડેકોરેટર ➤ વેડીંગપ્લાનર

અરજણભાઇ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
અક્ષય પટેલ મો. ૯૦૯૯૦ ૪૧૦૦૮
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫

તમારૂ ફંકશન ઓનલાઇન બુક કરો - website : www.shyamcaterers.com


## કેરીયાનાગસમાં મારામારી

અમરેલી, અમરેલીના કેરીયાનાગસમાં રહેતા મનોજ ધીરૂભાઇ સાથળીયાને ગામના રાજુ કાના ઝાપડા, વિજય અજ ઝાપડા, રેખાબેન અજુ ઝાપડાએ ઢીકાપાટુનો મુંઢ માર માર્યાની ફરીયાદ નોંધાવેલ છે.

## ઘુઘરાળામાંથી મહિલા ગુમ

અમરેલી, બાબરાના ઘુઘરાળામાંરહેતી રસીલાબેન જગદીશભાઇ સગર (ઉ.વ.૨૮) ગત તા.૧૫નાં રોજ ઘરેથી કયાંક જતી રહી ગુમ થઇ હોવાનુ જગદીશ ભાઇ દામજીભાઇએ બાબરા પોલીસ પથકમાં જાહેર કરેલ છે

## જાફરાબાદમાં યુવાનને અકસ્માતે ઈજા

અમરેલી, જાફરાબાદમાં રહેતા પ્રવિણભાઇ ગોવિંદભાઇને એક અજાણ્યા વાહન ચાલકે હડફેટે લઇ ઇજા પહોચાડયાની ફરીયાદ જાફરાબાદ પોલીસ મથકમાં નોંધાવેલ છે.

## મેમદાના યુવાનને ડમ્પર હડફેટે ઈજા

અમરેલી, દામનગરના મેમદામાં રહેતા જીવરાજભાઇ મોહનભાઇ ગજેડીયાની સાથે અજાણ્યા ડમ્પર ચાલકે હડફેટે લઇ ઇજા પહોંચાડયાની ફરીયાદનોંધાઇ છે.




જરૂર લખો આપનો પાન

# શુ આપ જાણો છો...

કે રૂા. ૩૦ લાખ અથવા તેનાથી વધારે કીમતની સંપતીની ખરીદી અથવા વેચાણની સુચના આપવામા આવે છે ?

આપના અગ્રીમ કર નુ ચુકવણુ
૧૫ ડીસેમ્બર ૨૦૧૪
સુધી અથવા તે પહેલા કરો
(કંપનીઓ માટે ૩ પ્રયત્ન અને અન્ય કરદાતાઓ માટે બીજો પ્રયત્ન)

આવકવેરા વિભાગ નીચે મુજબની બાબતો સબંધે આપના રોકાણ ખર્ચ વીશે માહિતી એકત્રીત કરે છે

- ક્રેડીટકાર્ડથી એક વર્ષમાં ૨ લાખ અથવા તેનાથી વધારે ચુકવણુ/ ખર્ચ
- મ્યુચ્યલફંડમાં રૂા. ૨ લાખ અથવા તેનાથી વધારે રોકાણ
- કોઇ કંપની અથવા સંસ્થાના રૂા. ૫ લાખ અથવા તેનાથી વધારેના બોન્ડ અથવા ઋણપત્ર (ડીબેન્ચર)ની ખરીદી
- આપના બેંક બચતખાતામાં ૧ વર્ષ દરમ્યાન કુલ ૧૦ લાખ અથવા તેનાથી વધારે રોકડ રકમ જમા કરવાની બાબતે
- કંપનીના પબ્લીકર અથવા રાઇટ ઇસ્યુના માધ્યમથી પ્રાપ્ત શેરો માટે રૂા. ૧ લાખ અથવા તેનાથી વધારેનુ ચુકવણુ
- ભારતીય રીઝર્વ બેન્ક દ્વારા જાહેર બોન્ડની ૧ વર્ષમાં રૂા. ૫ લાખ અથવા તેનાથી વધારેની ખરીદી
- સોના ચાંદી/આભુષણ ની રૂા. ૨ લાખ/રૂા. ૫ લાખ ની ક્રમશઃ રોકડ ખરીદી

અધીકૃત બેન્ક શાખાઓ / ચલણ ફોર્મ / ઇ ચુકવણુ / ચલણ સ્થીતીની જાણકારી માટે
www.incometaxindia.gov.in પર જાઓ

આવકવેરા વિભાગ

મોટા ગજાના નેતા હોવા છતાયે ભાજપના આમ કાર્યકરની માફક સદસ્યતા નોંધણી અભિયાનમાં ગળાડુબ શ્રી સંઘાણીની અવધ ટાઇમ્સ સાથે વાતચીત

# વિશ્વમાં ભાજપના માધ્યમથી ભારતને સર્વોપરી બનાવવાનું શ્રી મોદીનું અભિયાન

**હાલમાં વિશ્વમાં સૌથી વધારે સભ્ય ધરાવતી પાર્ટી સામ્યવાદી પાર્ટી છે**

**ભાજપ દ્વારા સૌથી વધારે સદસ્યો ધરાવતી પાર્ટી સ્થાપિત થઇને વિશ્વમાં ભારતને ખરા અર્થમાં મહાસતા બનાવવાના શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં પ્રયાસ : શ્રી દિલીપ સંઘાણી**

**દેશભરમાં ભાજપ દ્વારા સભ્ય નોંધણી અભિયાન પુરજોશમાં વેંગવંતુ બન્યું**

અમરેલી,

અમરેલી જિલ્લાભરમાં અને દેશભરમાં સૌ પ્રથમ વખત જ કોઇ રાજકીય પાર્ટીદ્વારા સૌ પ્રથમ વખત જ વ્યાપક પ્રમાણમાં સદસ્યતા નોંધણી અભિયાન ચાલુ કરાયુ છે. અને આ અભિયાન પાછળનો હેતુ ભાજપના માધ્યમથી ભારતનો વિશ્વભરમાં ડંકો વગાડવાનો હોવાનું અવધ ટાઇમ્સ સાથેની વાતચીતમાં ભાજપના વરિષ્ઠ આગેવાનશ્રી દિલીપ સંઘાણીએ અવધ ટાઇમ્સ સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ.અમરેલી એસ.ટી.ડેપો ઉપર ભાજપના ઓનલાઇન સદસ્ય નોંધતા શ્રી દિલીપ સંઘાણીએ જણાવેલ કે હાલમાં વિશ્વમાં સૌથી વધારે સભ્યો ધરાવતી સામ્યવાદી પાર્ટી છે અને વિશ્વભરના મોટા દેશોમાં તેનું પ્રભુત્વ છે.સહકાર, સુશાસન, અને માળખુ ધરાવતી ભારતીય જનતા પાર્ટી સૌથી વધારે સભ્યો નોંધી વિશ્વમાં ભાજપને સૌથી વધારે સદસ્યો વાળી પાર્ટી સ્થાપિત કરવાનું શ્રી નરેન્દ્રભાઈ મોદી નેતૃત્વ અને શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં અભિયાન ચાલુ છે. શ્રી સંઘાણીએ જણાવેલ કે દેશભરમાં અત્યારે લોકો સ્વયંભુ ભાજપના સભ્યો બની રહયા છે. અને પાર્ટી દ્વારા થઈ રહેલા પ્રયાસોને પગલે ભારતીય જનતા પાર્ટી વિશ્વમાં સૌથી વધારે સદસ્યો ધરાવતી પાર્ટી બની ઉભરી આવશે. તેમા કોઈ શંકા નથી અને ભાજપના માધ્યમથી વિશ્વમાં ભારતને સર્વોપરી મહાસતા સ્થાપિત કરવાનો આ એક પ્રયાસ છે.

બહાર ભલે ભાજપ માટે ગમે તેવી વાતો થતી હોય પણ

# ડાંગે માર્યા પાણી કદી જુદા ન થાય તે ભાજપના સદસ્યતા નોંધણી અભિયાને સાબીત કરી દીધુ

**અનેક મતભેદો અને મનભેદોને કોરાણે મુકીને ભાજપના નાનાથી મોટી મોટા મોટા આગેવાનો ખંભે ખંભા મીલાવી ભાજપની વિશેષતાના દર્શન કરાવી દીધા**

અમરેલી,અમરેલી જિલ્લામાં ઘર હોય ત્યાં વાસણ ખખડે માં જ તેવી આપણી ઉઠતી અનુસાર પણ વિવાદો થયા છે. પણ આ વિવાદો વચ્ચે પણ ભાજપની એકતા.ભાજપના સાવ નાના - નાના કાર્યકર્તા અને પદાધિકારીથી માંડી અને મોટા ગજાના પદાધિકારી દ્વારા તથા સંગઠન દ્વારા હાલમાં ચાલી રહેલી ભાજપની સદસ્યતા નોંધણીમાં સાબીત કરી દેવાયુ છે કે ડાંગે માર્યા પાણી કદી જુદા ન પડે.ભાજપના સદસ્યતા નોંધણી અભિયાનમાં અભિયાનતા જવાબદારોથી મોટી નાના અને મોટા સૌ આગેવાને ખંભે ખંભે મીલાવી તમામ બીજા બાબતોને કોરાણે મુકી અને પાર્ટી માટે કુદી પડે છે. આવુ જ દ્રશ્ય હમણા જોવા મળી રહયુ છે.

**અનેક વિવાદો વચ્ચે પણ જયારે પાર્ટીની હાંકલ પડી ત્યારે અમરેલી જિલ્લાને ગુજરાતમાં પ્રથમ કક્ષાએ સ્થાપિત કરવા સૌ કુદી પડયા**

કોઈ થાક નહી, કોઈ બીજી લક્ષ્ય નહિ

# અર્જુનની માફક શ્રી દિલીપ સંઘાણીનું એક જ લક્ષ્ય : સદસ્યતા નોંધણી અભિયાન

**સહકારી પ્રવૃતિ માટે વિદેશ પ્રવાસ પહેલા અને પછી સતત સદસ્યતા નોંધણી અભિયાનમાં વ્યસ્ત**



અમરેલી,ભાજપના પાયાના આગેવાન અને અત્યારે ભાજપના મોટા ગજાના આગેવાન ગણાતા શ્રી દિલીપ સંઘાણીનું અત્યારે એક જ લક્ષ્ય છે ભાજપનું સદસ્યતા નોંધણી અભિયાન.પોતાના વતન માળીલા ખાતે શ્રી દિલીપભાઈ સંઘાણીએ અને ઈશ્વરીયા ખાતે શ્રી પુરૂષોતમભાઈ રૂપાલાએ સદસ્યતા નોંધણીનો જાતે જ પ્રારંભ કર્યા બાદ ભાજપની ટીમ તો ઉત્સાહભેર કામે લાગી જ ગઈ છે. પણ ભાજપના સ્થાપના કાળના પાયાના કાર્યકર અને અત્યારે રાષ્ટ્રીયકક્ષાએ આગેવાન ગણાતા શ્રી દિલીપ સંઘાણીએ ભાજપના સદસ્યતા નોંધણી અભિયાનનો પ્રારંભ કરાવ્યા બાદ સહકારી પ્રવૃતિ માટે વિદેશ પ્રવાસ કરી પરત આવીને સીધા સદસ્યતા નોંધણી અભિયાનમાં જોડાઈ ગયા છે આજે પણ અમરેલીના એસ.ટી.ડેપો ઉપર શ્રી સંઘાણીએ ભાજપના સદસ્યો બનાવ્યા હતા.

# ટેટની પરીક્ષા પાસ કરનારા બેરોજગારોની મુશ્કેલી નિવારવા ઉમરમાં છુટછાટ આપો

**મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલને રજુઆત કરતા પૂર્વ સાંસદશ્રી ઠુંમર**



અમરેલી,

રાજયમાં માસ્ટર ડીગ્રીઓ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ રાજય સરકાર દ્વારા લેવામાં આવતી ટેટની પરીક્ષા દર વર્ષે લાખો બેરોજગારો આવે છે. જે ભરતી પ્રક્રિયા બે વર્ષ ઉપરાંતથી બંધ કરવામાં આવેલ છે.આના પરિણામે નોકરી માટે લાંબો સમયથી રાહ જોતા લાયક બેરોજગારો માં સરકારશ્રીની .... સામે નારાજગી અને રોષ જોવા મળે છે. ટેટની એકઝામાંથી પસાર થાય છે અને એકઝામ પાસ કર્યા બાદ પણ નોકરી આપવામાં ન આવે તે ગંભીર બાબત છે. વધુમાં વર્ષોથી ખાલી પડેલ જગ્યાઓ ન ભરવાના કારણે શિક્ષકોના અભાવે વિદ્યાર્થીઓનો અભ્યાસ પર અસર પડે છે. અને શિક્ષકોના અભાવે વિદ્યાર્થીઓના ભાવી અંધકારમય બને છે. જેથી બેરોજગારોના હિતમાં અને વિદ્યાર્થીઓના ભવિષ્યને નજરસમક્ષ રાખી નિર્ણય કરવા તેમજ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી જેટલી ભરતી કરવામાં આવી તમાં પાંચ વર્ષની છુટ છાટ આપેલ જે સમયગાળો તા. ૩૦/૯/૧૪ ના પૂર્ણ થયેલ છે. તો છેલ્લા બે વર્ષમાં ટેટ પાસ કરનાર વિદ્યાર્થીઓને છુટછાટ આપવા પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે જણાવેલ છે.

# શાખપુરમાં પ્લોટના બાંધકામ પ્રશ્ને પાઈપ વડે હુમલો

**હુમલો કરનાર બે સામે પોલીસ ફરિયાદ**

અમરેલી,દામનગરના શાખપુરમાં રહેતા યુવાનને તે જ ગામના બે શખ્સોએ પાઈપ વડે માર માર્યાની ફરીયાદ નોંધાઇ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર દામનગરના શાખપુરમાં રહેતા જસમતભાઈ ટપુભાઈ ચૌહાણ પ્લોટમાં બાંધકામ કરતા હોય જે બાબતે અશોક દેવશી, મનસુખ દેવશીએ લોખંડના પાઈપ વડે માર મારી ઈજા પહોંચાડયાની ફરીયાદ નોંધાઈ છે.

# ઉટવડમાં કુકડાના પીંછા ઉડતા લાકડી ફટકારી

**હુમલો કરનાર ત્રણ સામે પોલીસમાં ફરિયાદ**

અમરેલી,બાબરાના ઉટવડમાં દેવીપુજકને ગામના ત્રણ ભરવાડોએ લાકડી વડે માર માર્યાની ફરીયાદ નોંધાઈ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર બાબરાના ઉટવડના રહેતા મયુરભાઈ જયંતિભાઈ દેવીપુજકના કુકડાના પીછા ઉડી થોભણ વજાના ઘરમાં જતા થોભણ વજા, લાખા વજા, રાણા વજા ભરવાડે લાકડી વડે માર મારી મુંઢ ઈજા પહોંચાડયાની ફરીયાદ બાબરા પોલીસ મથકમાં નોંધાવતા એ.એસ.આઈ. એન.પી. બોરીસાગર તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીમાં આજે ડો.આંબેડકરને શ્રધ્ધા સુમન અર્પણ કરાશે

**રાષ્ટ્રીય દલિત મહાસંઘનું આયોજન : દલિત આગેવાનોની ઉપસ્થિતિ**

અમરેલી,

અમરેલીમાં આજે ડો.આંબેડકર નિર્વાણદીન નિમીતે રાષ્ટ્રીય દલિત મહાસંઘ દ્વારા શ્રધ્ધાસુમન અર્પણ કરાશે સવારે ૧૦ વાગ્યે બસ સ્ટેન્ડ પાસે ડો.આંબેડકરની પ્રતિમા સ્થળે જિલ્લાના દલિતો એકત્ર થઈ શ્રધ્ધાજંલી અર્પણ કરશે તેમાં ઉમટી પડવા પ્રમુખ શ્રી હીરાભાઈ પડાયાએ જણાવ્યુ છે.

# ખાંભાના હનુમાનગાળા જતા ગેઈટના તાળા તોડી પ્રવેશ કરનાર વાહન ચાલકને દંડ કર્યો

**વનવિભાગે ગેરકાયદેસર પ્રવેશવા બદલ રૂા. ૨૦ હજારનો દંડ વસુલ્યો**

ખાંભા,

ખાંભાના સુપ્રસિધ્ધ હનુમાનગાળા જતા માર્ગના ગેઈટના તાળા તોડી ગેરકાયદેસર પ્રવેશ કરનાર વાહન ચાલક સામે વનવિભાગે કાર્યવાહી કરી હતી. ખાંભાના હનુમાનગાળા મંદિર જવાના ગેઈટનું તાળુ તોડી સમય કરતા વહેલો પ્રવેશ કરનાર સાવરકુંડલાના વાહનચાલક સામે વનવિભાગે લાલ આંખ કરી રૂા. ૨૦ હજારનું દંડ વસુલ કરી કાયદેસરની કાર્યવાહી વસુલ કરી હતી.

# ગારીયાધારમાં પીજીવીસીએલના ડેપ્યુટી એન્જિનીયર શ્રી એચ.જી.દુલારાની બદલી

**વીજ જોડાણો પ્રશ્ને બદલી થયાની ચર્ચા**

ગારીયાધાર,

ગારીયાધાર પીજીવીસીએલના ડેપ્યુટી એન્જિનીયર શ્રી એચ.જી.દુલારાની બદલી થઇ છે આ અંગે ચર્ચાતી વિગતો મુજબ ગારીયાધાર પીજીવીસીએલ કચેરી-૨ના ત્રણ કર્મચારીઓ દ્વારા ડઝન જોડાણો બારોબાર ફાળવી દેવાતા આ ઘટનામાં સંડોવાયેલ હેલ્પર, જે.ઇ. અને ડીઇમાથી ડેપ્યુટી ઈજનેર બદલાવી છે.તેવુ ચર્ચાય છે.વધુમાં એવુ પણ ચર્ચાય છે કે બદલીથી ખાલી પડેલ જગ્યામાં ડીઈ તરીકે મથડુ તે ચાર્જ આપ્યો છે. આંગે કાર્યપાલક ઈજનેર સાથે વાતચીતમાં જણાવ્યુ કે ત્રણેય કર્મચારીઓ દ્વારા નોટીસના જવાબમાં મુદત આપવામાં આવેલ છે જેથી જવાબ આપવા બાદ કોઈ એકશન લેવાશે આ પ્રક્રીયાની તપાસમાં ૩ કર્મચારીઓ પર ડીવીઝન ઓફિસ અને ઝોનલ ઓફિસર દ્વારા કયાં પ્રકારના પગલા લેવાશે તે આગામી દિવસોમાં બહાર આવશે.

# અમરેલીના શેડુભાર પ્રાથમિક શાળાના બાળકો તાલુકા પોલીસ મથકની મુલાકાતે





અમરેલી,અમરેલી તાલુકાના શેડુભાર ગામની પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ આજે અમરેલી રૂલર પોલીસ મથકની મુલાકાત લઈ પોલીસની કામગીરી નિહાળી હતી.અને જુદા જુદા હથીયારો કાયદા અંગે સમજ મેળવી હતી.ડીવાયએસપી શ્રી ભરવાડ, અને પી.એસ.આઈ.એ માર્ગદર્શન આપ્યુ હતુ અને બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા.

અનુ.જાતિ મોરચા દ્વારા

# આજે આંબેડકરજીના નિર્વાણ દિને જિલ્લામાં ૪૦૦ જગ્યાએ ઓનલાઇન સભ્ય નોંધણીનું આયોજન

અમરેલી,અમરેલી જિલ્લામાં સંગઠન પર્વ દરેક મોરચે કામ કરી રહ્યુ છે. તેમાં અમરેલી જિલ્લા ભજાપ અનુ.જાતિ મોરચાના પ્રમુખ કેશુભાઈ વાઘેલાના અધ્યક્ષ સ્થાને તેમજ જિલ્લા અનુ.જાતિ મોરચાના સંગઠન ઈન્ચાર્જ શૈલેષ પરમાર, સહ ઈન્ચાર્જ રેખાબેન ગાયજન, મહામંત્રી દિનેશ માધડ, ચેતન દાફડા દ્વારા તા. ૬ ઠી ડિસેમ્બર ડો. બાબ સાહેબ આંબેડકરજી નિર્વાણ દિને જિલ્લા ભાજપ અનુ.જાતિ મોરચા દ્વારા તાલુકા અને શહેરમાં વસ્તા દલિત સમાજના લોકોને ભારતીય જનતા પાર્ટીમાં જોડી પ્રાથમિક સભ્ય બનાવવા માટે સમગ્ર જિલ્લામાં ભાજપના ઓનલાઇન સભ્ય નોંધણી હાથ ધરાશે. જેમાં તા. ૬ અને તા. ૭ ડિસેમ્બર એમ બે દિવસ સુખધી ઓનલાઈન ૪૦૦ સ્થળોએ નોંધણી કરાશે અને અનુ.જાતિ મોરચાના દરેક આગેવાનો આ અભિયાનમાં જોડાશે. તેમ મિડીયા સેલના શૈલેષ પરમારની યાદીમાં જણાવાયુ છે.

# અમરેલીમાં રાષ્ટ્રીયકૃત બેંકો સજજડ બંધ

**માત્ર સરકારી અને ખાનગીબેંકો જ શરૂ રહી : કરોડોનું ટ્રાન્જેકશન ઠપ્પ : સુત્રોચ્ચાર કરાયો**





અમરેલી,બેંક કર્મચારીઓના પ્રશ્નો નવી ભરતી આઉટ સોર્સીગથી કામ જેવા મુદ્દે બેંકોના નવ યુનિયનોએ સંકલ્નથી રજુઆત કર્યા છતા નિકાલ નહી આવતા ગત તા.૧૩-૧૧-૧૪ના રોજ હડતાળ પાળી હતી છતા પણ કોઈ ઉકેલ નહી આવતા ફરીથી એલાન અપાતા દેશભરની રાષ્ટ્રીયકૃત બેંકોએ સજજડ બંધ પાળ્યો હતો.જો કે સહકારી અને ખાનગી બેંકો શરૂ રહી હતી. અમરેલી નાગનાથ એસ.બી.આઈ. ખાતે બેંક કર્મચારીઓએ સુત્રોચ્ચાર કરી રોષ વ્યક્ત કર્યો હતો બેંક હડતાળને કારણે અમરેલી જિલ્લામાં કરોડો રૂપિયાનું ટ્રાન્ઝેકશન ખોરવાય ગયુ હતુ અને કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી.

# વનવિભાગની ટીમે ઈજાગ્રસ્ત સિંહને શોધ્યો પણ ઘાવ આપમેળે રૂજાઈ ગયો

**ધારીના સરસીંયા રેંજના સેલ ખંભાળીયામાં બનેલી ઘટના**

ધારી,

ધારીના સરસીયા રેંજના સેલ ખંભાળીયા ગામે એક બિમાર સિંહ ઈજાગ્રસ્ત આંટા ફેરા મારતો હોવાની વન વિભાગને જાણ થતા.ડી.એફ.ઓ. અંશુમન શર્માની સુચનાથી ફોરેસ્ટર એસ.કે.પરમાર, બીટ ગાર્ડ જીતુભાઈ રાણવા, વેટરનરી ડો.હિતેશ વામજાએ ઈજાગ્રસ્ત સિંહને શોધી એક કરતા ઘાવ આપમેળે રૂજાઈ જતા સારવારની કોઈ જરૂરીયાત બહોળાનું હસમુખ દવેની યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં મધરાત્રે પાણીની બોટલ ફેંકવા બાબતે બબાલ થતા ડબલ મર્ડર

## રાજીવનગરમાં રાત્રીનાં બે મીત્રોની બેવડી હત્યા થતા પોલીસ ઘટના સ્થળે દોડી : આરોપીઓ પોલીસનાં હાથવેંતમાં


તસવીર- મીલાપ અગ્રાવત

જૂનાગઢ,(હિતેષ પારેખ)

મધરાત્રી જૂનાગઢમાં ડબલ મર્ડર થતા શહેર પંથકમાં ખળભળાટ સાથે સનસની ફેલાઈ ગઈ છે. રવિ ભેડા અને કમલેશ ગોહિલ નામના બે મિત્રોની ક્રુર હત્યાની પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.બેવડી હત્યાનાં બનાવ અંગે પ્રાપ્ત થયેલી પ્રાથમિક વિગતો એવી છે કે જૂનાગઢનાં આંબેડકરનગરમાં રહેતા કોળી કમલેશ ઉર્ફે મુન્નો ભગાભાઈ ગોહિલ (ઉ.વ.૨૨) અને ઉ.વ.૨૧નામના ખાંટ યુવાનની રાત્રીનાં ૧૨-૩૦ના અરસામાં શહેરનાં રાજીવનગર વિસ્તારમાં થઈ હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. મરનાર બંને મિત્રો તેમના મોટર સાયકલ ઉપર બેસીને રાજીવનગરમાંથી પસાથ થઈ રહ્યા હતા. ત્યાર આગળ જતા અન્ય શખ્સો ઉપર પાણીની બોટલનો ઘા રવિ અથવા કમલેશ ગોહિલને ગંભીર ઈજા પહોંચી હતી. બાદમાં બંનેનાં સ્થળ પર જ મૃત્યુ નિપજયા હતા. આ અંગેની જાણ થતા સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચપી પાલિયા સ્ટાફ સાથે તુરત જ દોડી ગયા હતા અને મૃતક બંને યુવાનોની લાશ પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપી હતી. પીએસઆઈ શ્રી પાલિયાએ અકિલા સાથેની વાતચીતમાં જણાવેલ કે બેવડી હત્યાનાં બનાવ મોડી રાત્રીનો હોય તેથી ચોક્કસ કારણ પણ જાણી શકાયુ નથી છતાં પોલીસે આસપાસના લોકોનાં નિવેદન લઈ મુળ જ સુધી પહોંચવા કવાયત આદરી છે.

વધુમાં જાણવા મળ્યા મુજબ પોલીસ કેટલાક શખ્સોને રાઉન્ડ અપ કરી તેમની કડક પુછપરછ હાથ ધરી છે. જૂનાગઢના છેવાડાનાં વિસ્તાર રાજીવનગરમાં ડબલ મર્ડરના બનાવથી સમગ્ર શહેરમાં હલચલ મચી ગઈ છે.

મોટી કુંકાવાવના ચુડાસમા પરિવારમાં શુભલગ્નોત્સવ

ચિ.હિના- ચિ.રેનીશ

કુંકાવાવ નિવાસી અ.સૌ. ગીતાબેન તથા કમલેશભાઈ રવજીભાઈ ચુડાસમાની સુપુત્રી ચિ.હિનાના શુભલગ્ન રાજકોટ નિવાસી અ.સૌ.અનિતાબેન તથા રતિભાઈ બાબુભાઈ ચુડાસમાનાં સુપુત્ર ચિ.રેનીશ સાથે તા.૭-૧૨-૧૪ના રોજ નિર્ધાર્યા છે.

## જીએસપીસી ગેસ કંપની દ્વારા ઔદ્યોગિક ગ્રાહકોને અપાતા ગેસનાં ભાવમાં તા.૧૬-૧૨-૨૦૧૪થી ઘટાડો

ગાંધીનગર,

જીએસપીસી ગેસ કંપની મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય બજારમાંથી નેચરલ ગેસ ખરીદીને તેના ઔદ્યોગિક ગ્રાહકોને પુરો પાડે છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં નેચરલ ગેસનાં ભવની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા જીએસપીસી ગેસ કંપનીએ તેનાં ઔદ્યોગિક ગ્રાહકોને અપાતા ગેસના ભાવમાં તા.૧૬ ડિસેમ્બર ૨૦૧૪થી અમલમાં આવે તે મુજબ ઘટાડો કરવાનું નક્કી કરેલ છે.

| પ્રકાર | જૂનો ભાવ | નવો ભાવ તા.૧૬-૧૨-૧૪થી અમલી |
|---|---|---|
| પીએનજી (ઔદ્યોગિક) રૂા. પ્રતિ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર (SCM) (કરવેરા વગર) | 39.65 | 38.65 |

# ભાવનગરનાં ધાંધળી પાસે કાર આડે રોઝડુ ઉતરતા અકસ્માત : બેના મોત

## કારમાં પસાર થતા વરરાજાનો બચાવ : વરરાજાના ફુઆ અને બાળકનું મોત



ભાવનગર, ભાવનગર શહેરમાં જાન લઈ આવી રહેલા વરરાજાની હોન્ડા સીટી મોટરકારને ભાવનગર નજીક સિહોરનાં ધાંધળી નજીક રોઝડુ આડુ આવતા નડેલા ગમખ્વાર અકસ્માતમાં કારમાં બેઠેલા બેના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયા હતા જયારે ત્રણને ઈજા થઈ છે. આ બનાવમાં વરરાત્રનો ચમત્કારીક બચાવ થયો છે. આ બનાવથી ટ્રાફિક જામ થઈ જતા હાઈવે પર વાહનોની કતારો લાગી ગઈ હતી.

આજે સવારે સર્જાયેલા આ ગમખ્વાર અકસ્માતની મળતી વિગતો મુજબ વલ્લભીપુર તાબેના મોણપુર ગામે રહેતા સુભાષભાઈ ચુડાસમાનાં આજે લગ્ન હોય વહેલી સવારે જાન મોણપુરથી ભાવનગર આવતી હતી. વરરાજા સુભાષભાઈ અને જાનૈયા હોન્ડા સીટી મોટરકારનં જીજે ૧૩એફ ૧૦૩૭ સિહોરનાં ધાંધળી નજીક પહોંચી ત્યારે અચાનક રોડ ઉપર રોઝડુ દોડી આવી કાર સાથે અથડાતા સર્જાયેલા અકસ્માતમાં કાર ચલાવી રહેલા વરરાજાના ફુઆનું તથા ૧ વર્ષના બાળકનુ એમ બેના ઘટના સ્થળે જ ગંભીર ઈજા થતા કમકમાટીભર્યા મોત નિપજયા હતા. જયારે ત્રણ જાનૈયાને ઈજા થતા ૧૦૮ ઈમરજન્સીમાં હોસ્પિટલ ખસેડાયેલ છે. આ અકસ્માતમાં વરરાજા સુભાષ ચુડાસમાનો ચમત્કારીક બચાવ થયો છે.

અકસ્માતને કારણે જાનૈયાઓમાં ભારે રોક્કર મચી ગઈ હતી. વરરાજાની કાર પાછળ આવેલ બીજી જાનૈયાની કાર પણ અથડાતા તેને પણ નુકસાન થયું હતુ. અકસ્માતની જાણ થતા જ સિહોર પોલીસ સ્ટેશનના પોસઈ ઝાલા તથા સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા. અને તપાસ હાથ ધરી હતી. અકસ્માતને પગલે ટ્રાફિક જામ થઈ જતા હાઈવે રોડ ઉપર બંને બાજુ વાહનોની લાંબી લાંબી કતારો ગઈ હતી. જે પોલીસે ભારે જહેમત બાદ દુર કરી હતી. જાન મોણપરથી ભાવનગર શહેરનાં કુંભારવાડા વિસ્તારમાં આવી રહી હતી. અકસ્માતને પગલે આનંદની જગ્યાએ ભારે શોકની લાગણી ફેલાઈ હતી.

# સાવરકુંડલામાં અનેરી ગૌ-સેવા ભાવના


સાવરકુંડલાના શીવાજીનગર માધવાણીની વાડી નજીક શ્રીરામ ગૌસેવા દ્વારા ગૌમાતાને ઘાસચારો, કુતરાને બિસ્કિટ વિતરણ કર્યા હતા. આ રીતે અનેરી જીવદયા દાખવવામાં આવી છે.

# આજે હોમગાર્ડ સ્થાપના દિન



### પ્રાસંગિક
### અશોકભાઇ એમ. જોષી

માન શ્રી મોરારજીભાઈ દેસાઈ મુંબઈ રાજયના ગૃહમંત્રી હતા ત્યારે એક સ્વયંસેવક દળની સ્થાપના કરી આ કામગીરીને બિરદાવી મુંબઈ સરકારે તે અંગેનો કાયદો તૈયાર કરી વિધાન સભામાં ખરડો પસાર કરી હોમ ગાર્ડઝ એકટ ૧૯૪૭ નું સ્વરૂપ આપ્યુ.

આ કામગીરીની ચાહના કરી ભારત સરકારે હોમગાર્ડઝની સ્થાપના કરી અને હોમગાર્ડઝના ખર્ચ અંગે ભારત સરકાનો % હિસ્સો ઓવછે.

વળી ૧૯૪૭ માં ગુજરાત રાજયમાં પણ હોમગાર્ડઝના સ્વયંસેવકોની ભરતી કરવામાં આવી તે સમયે ગુજરાત રાજય મુંબઈ રાજય સાથે સામેલ હોય મુંબઈ હોમ ગાર્ડઝ અધિનિયમ ૧૯૪૭ મુજબ કાર્યરત થયેલ છે. આ એકટના અમલ માટે તેના નિયમો બનાવ્યા અને તેને મુંબઈ હોમગાર્ડઝ નિયમો ૧૯૫૩ નો અમલથયો .

આમ ગુજરાત રાજયમાં હોમગાર્ડઝની સ્થાપના કરવામાં આવી ત્યારે સમગ્ર રાજયમાં કુલ ૧૨૦૦ જેટલા ભરતી થયેલા અને ક્રમશઃ સદર ભરતીમાં વધારોયતા હાલમાં ૪૨૦૦૦ થી વધુ હો. ગા. સભ્યો ગુજરાત રાજયના તમામ જિલ્લા તથા બોર્ડરવિનગ બટાલીયનો દળની સેવા માટે કાયદો વ્યવસ્થા માટે પોલીસની મદદમાં ખડે પગે કાર્યરત છે.

આ સમગ્ર સંચાલનમાટે શહેર / ગામડાઓમાં ૪૦૦ થી વધુ યુનિટ કચેરીઓ માનદવેત થી કાર્ય કરી રહેલ છે. તાજેતરમાં ગુજ સરકાર દ્વારા જે મુંબઈ હોમગાર્ડઝ અધિનિયમ ૧૯૪૭ તથા મુંબઈ હોમ ગાર્ડઝ નિયમો ૧૯૫૩ માં સુધારાવધારા સાથે ગુજરાત હોય ગાર્ડઝ અધિનિયમ અને ગુજરાત હોમ ગાર્ડઝ નિયમો તૈયાર કરવામાં કાર્યરત છે. સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ વિસ્તાર કાર્યક્રમ હેઠળ રાજયના સરહદી વિસ્તારોના સમતોલવિકાસ કાર્યક્રમ વિસ્તાર અને વસ્તીને અનુલક્ષીને આયોજન પંચ તરફથી અનુદાન મળે છે. આ અનુદાનનો ઉપયોગ સરહદી વિસ્તારના જિલ્લાઓના સરહદી તાલુકાઓમાં બોર્ડર વિંગ માટે બાંધકામ મોલીલાઈ ઝેશન પાણી સુવિધા વગેરે માટે કરવામાં આવે છે.

પોલીસ આધુનિકરણ યોજના અંતર્ગત હોમગાર્ડઝ આધુનિકરણ યોજના હેઠળ (૧) તાલીમ કેન્દ્રો કચેરીના મકાનો તગમજ જ વાતોના મકાનો તેમ જ જવાર્તાના મકાનોના રહેઠાણના બાંધકામની કામગીરી પોલીસ હાઉસીંગ કોપોરેશન દ્વારા હાથ ધરાઈ છે.

(૨) મોબીલીટી કોમ્યુનિકેશન ઓફીસ ઓપ્ટોમેશનના સાધરો પોલીસ દ્વારાવ ખરીદી પુરા પાડવામાં આવે છે.

સને ૧૯૬૦ થી બુહદ મુંબઈ રાજયઅલગથતા ગુજરાત રાજય અસ્તિત્વમાં આવેલ ને સમયે શ્રી ઉદયન સિનુભાઈ બેરોનેટ માનદ અધિકારી તરીકે કમાન્ડન્ટ જનરલની ફરજ બજાવતા હતા સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક હગદ ૧૧/૮૭ /૯૮૯ એક તા . ૭/૯/ ૧૯૮૭થી કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝની જગ્યા ઉપર પોલીસ ખાતાના આઈપી.એસ. કેડરના અને ડાયરેકટર જનરલ ઓફ પોલીસ કક્ષાના પગારદાર અધિકારીને નિમણુંક આપવામાં આવી ડાયરેકટર જનરલ હોમગાર્ડઝને નાગરિક સંરક્ષણ નંત્રની કામગીરી પણ સોપવામાં આવેલ છે. જેથી આ જગ્યાનું નામાભિકરણ ડાયરેકટર જનરલ હોમગાર્ડઝ અને નિયામક નાગરિક સંરક્ષણ ગુજરાત રાજય અમદાવાદ કરવામાં આવેલ છે. હપમગાર્ડઝ નાગરિક સંરક્ષણ અને ગામ રક્ષક દળની કચેરીની પ્રવૃતિઓ પર રાજય કક્ષાએ નિયંત્રણ રહે તથા દેખરેખ રાખી શકાય તે ધ્યાને લઈ ખાતાના વડાની જગ્યા ઉભી કરવામાં આવેલ છે. ડાયરેકટર જનરલ હોમગાર્ડઝ અને નિયામક નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય અમદાવાદને ખાતાના વડા તરીકે વહીવટી તેમજ નાણાકીય બાબતોની સંપૂર્ણ સતા હપમ ગાર્ડઝ તથા બોર્ડર વીંગ હોમગાર્ડઝની તાલીમ ફરજ ઉપર મુકવા ગણવેશ તથા સ્ટોર્સ આટીકલ્સ ખરીદવા અંગેની સંપૂર્ણ સતા હોમગાર્ડઝ સંસ્થાના વેલ્ફેર અંગેની કાર્ય વાહી હોમગાર્ડઝ આધુનિકરણ તથા આઈ.ટી. ગ્રાન્ટ દ્વારા હોમગાર્ડઝ સંસ્થાને અધતન કરવા યોજના તૈયાર કરવી તદઉપરાંત સરકાર દ્વારા સોપવામાં આવતી કામગીરી કરવા માટે સંપૂર્ણ સતાઓ એનાયત થયેલ છે. ડાયરેકટર જનરલ નરીકે હાલ

શ્રી.એચ.પી. સિંઘ શ્રી ( આઈ.પી.એસ) ફરજ બજાવી રહયા છે. અમરેલી જિલ્લામાં ૧૮ યુનિટ સબ યુનિટ કાર્યરત છે જિજ્ઞા કક્ષાએ વાય એસ.પી. સમક્ષ કમાન્ડન્ટની કલાસ ૧ કેડરના અધિકારી હોય છે હાલ અમરેલી જીલ્લામાં ૩ ડિવિઝન અર્ચન ૯ કંપની ૧૫ અધિકારી મળીને કલિ ૯૭૦ હોગા સભ્યો અધિકારીઓ માનદસેવાઆપી રહયા છે.

તાલુકા કક્ષાએ ઓફિસર કમાન્ડિગ /ઓફ . ઈન ચાર્જ અધિકારી માનદ અધિકારી તરીકે સેવા આપે છે.

૬ ડિસે. ૧૯૪૭ ના રોજ સ્થપાયેલ હોમ ગાર્ડઝ દળ એક વિશાળ વટવૃક્ષ જેવી સંસ્થાબની રહેલ છે. હોમગાર્ડઝ દળના જવાનો પોલીસ ની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા ઉપરાંત કુદરતી માનવ સર્જિત પરિસ્થિતીમા નિષ્કામ સેવા ના દયેય સાથે કાર્યવરવ છે. બોર્ડ રવીંગની જેવુ આધુનિકરણ થાય તેવું દળના અધિકારીઅપ / સભ્યો આજના હોમગાર્ડઝ સ્થાપના દિન ૬ ડિસેમ્બરે ઈચ્છીરહયા છે. સરકારી કર્મચારીઓને નિયમિત પગાર મળે છે તે જ રીતે હોમગાર્ડને દર માસે રેગ્યુલર માનદવેતન મળે તો હોમ ગાર્ડઝ સભ્યોને ઉત્સાહ જળવાય રહેશે.

# જૂનાગઢમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

## જૂનાગઢ મહાનગર પાલિકાનું આયોજન : વિવિધ વિસ્તારો સ્વચ્છ

જૂનાગઢ,

સ્વચ્છતા ત્યાં પ્રભુતા ''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન''અંર્તગત તા.૩/૧૧/૧૪ નાં રોજ જૂનાગઢ મહાનગર સેવા સદન તથા નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પ, જૂનાગઢ એન.સી.સી ઓલ ઈન્ડીયાનાં ૧૬ જેટલા રાજયમાંથી અંદાજીત ૬૦૦ જેટલા બોયોઝ/ર્ગલ્સ દ્વારા જૂનાગઢ શહેરમાં અલગ અલગ વિસ્તારમાં આવેલ ઐતિહાસીક ધરોહર ધરાવતા સ્થળ ઉપરકોટ કિલ્લામાં, હાજીયાણી બાગ, બહાઉદીન કોલેજ, ધરારનગર, શિશુમંગલ રોડ, વગેરેમાં સફાઈ અભિયાન કરવામાં આવેલ છે આ કાર્યક્રમમાં મેયરશ્રી જીતુભાઈ હીરપરા, સ્થાયી સમિતિનાં ચેરમેનશ્રી સંજયભાઈ કરોડીયા, કર્નલ અજય મલીકો બ્રિગેડીયર એચ.એસ.રાઘવા, હેલ્થ ઓફિસરશ્રી કલ્પેશભાઈ ટોલીયા, પર્યાવરણ ઈજનેરશ્રી રાજુભાઈ ત્રિવેદી વગેરે જોડાયા હતા તેમજ એન.સી.સી કેડેટ દ્વારા પ્રજાજનો શહેર સ્વચ્છ રાખવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવેલ છે.

# રાજકોટ જીવનનગરમાં ગીતા જયંતિની ઉજવણી

## જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવપરા અને અમીપાર્કનાં રહીશોએ ભાગ લીધો

રાજકોટ,રૈયા રોડ ઉપર જીવનનગર વિકાસ સમિતિ અને શ્રી રામેશ્વર મહાદેવ મંદિર ઉપક્રમે મહાદેવ ધામમાં ગીતા જયંતિની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી જીવનનગર જ્ઞાનજીવન, દેશળદેવ પરા અને અમીપાર્કનાં રહીશોએ સળંગ ગીતા પઠનમાં ભાગ લીધો હતો સામુહિક આરતીમાં લોકો જોડાયા હતા.મુખ્યદાતા વર્ષાબેન નયનેશ ભટ્ટનાં માર્ગદર્શન નીચે મહાઆરતી, પ્રસાદ, પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું, ભગવત ગીતા ઉપર મનનીય પ્રવચન આપી શ્લોક સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા ભગવતગીતામાંથી કર્મનાં સિધ્ધાંતો ઉતારવા શીખ આપવામાં આવી હતી.

# અમરેલીમાં પેરાસીલીંગનાં ઉદઘાટનમાં સૌપ્રથમ ગરીબ બાળકોને લાભ અપાયો

## એક માસ સુધી એરપોર્ટ ઉપર લોકોએ પેરાસીલીંગનો અનેરો લાભ લીધો : તદન નવા પ્રયોગથી યુવા વર્ગમાં ખુશી



અમરેલી,

અમરેલીના એરપોટ ખાતે સૌ પ્રથમ એક માસ સુધી પેરાસીલીંગ (લોકોને પેરાશુટમાં ઉડવા)ની ટ્રેનિંગ ફ્રી ઓફમાં શરૂ થતાં શહેરનાં લોકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. તથા આ તકે એસ.પી.શ્રીમકંદર ચૌહાણને લોકોદ્વારા અભિનંદન પણ પાઠવ્યા છે.

અમરેલી જિલ્લામાં સુરક્ષા સેતુના માધ્યમથી અનેક વિવિઘ કાર્યક્રમો સાથે પોલીસ અને પ્રજા મિત્ર બને અને સમાજ વ્યવસ્થા સુચારૂ બને તે માટે એસ.પી.શ્રી મકંદર ચૌહાણ દ્વારા અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે. જેના એક ભાગ રૂપે અને યુવાવર્ગમાં સાહસિક વૃતિ કેળવાય તેવા શુભ આશયથી અમરેલીના એરપોર્ટ ખાતે એક માસ સુધી પેરાસીલીંગ (પેરાશુટમાં ઉડવાની ટ્રેનિંગ) શરૂ કરતા અમરેલીના બાળકો,યુવાનો અને વડીલોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે. અને આ કામગીરીને બહોળો પ્રતિસાદ મળી રહયો છે.

આ કાર્યક્રમમાં ૩૦ થી ૯૦ કિલોગ્રામ વજન ઘરાવતા ભાઈ–બહેનો અને યુવાનોને દરરોજ સવારના ૯ થી ૧૨ અને બપોરના ૩ થી ૬ સુધી વિનામુલ્યે લોકોને પેરાશુટમાં ઉડવાનો લાભ મળી શકશે.નાના નાના ભુલકાઓ પણ ઓ પણ આ તક જોવા માટે બેસી જાય છે અને તે પણ કહે છે કે અમોને આવી તક કયારે મળશે. પેરાસીલીંગ ટ્રેનિંગનું અમરેલી ખાતે સંચાલન કરતા કુ. હિરલ સી. વિસાણી અમરેલીનાજ વતની હોય રાજય સરકારે જયારે ગુજરાતમાં આ કાર્યક્રમની શરૂઆત સૌ પ્રથમ અમરેલીથી કરવાની જાણ કરતા કું. હિરલબેન અત્યંત ખુશી અનુભવી રહયા છે. કુ. હિરલબેન એરફોર્સના હેડ આઈ.પી.એસ.ઓ.શ્રી ટોમ જોસફના માર્ગદર્શન નીચે તેમના આસિસ્ટન્ટ તરીકે આ ટ્રનીંગ આપી રહયા છે. તથા તેમની સાથે ચાર વ્યકિતઓ પણ દિલ્હીથી અમરેલી એરપોર્ટ ખાતે પેરાશુટમાં ઉડવા ઈચ્છતા લોકોએ સ્થળ પર જ નિયત ફોર્મ ભરવાનું રહેશે. સાથે યુવાનોએ બુટ અને મહિલાઓએ ડ્રેસ અથવા પેંન્ટ,બુટ ફરજીયાત પહેરવાના રહેશે. અમરેલીની બહેરા–મુંગા શાળાના વિદ્યાર્થીઓએ પણ આ પેરાશુટમાં ઉડવાનો લ્હાવો લીધો હતો અને અત્યંત ખુશ થયા હતા.

અમરેલીના એરપોર્ટ પાસેજ રહેતો ગરીબ પરિવારનો અને મા વિહોણો બાળક પેરાશુટમાં ઉડયા પછી અત્યંત ખુશ જોવા મળ્યો હતો. અને આ બાળકને પૂછતા જાણવા મળ્યુ કે તેની માતા હૈયાત નથી અને પિતા મજુરી કામે ગયા છે. પેરાશુટનો લ્હાવો લીધા બાદ આ ગરિબ બાળક અત્યંત ખુશીમાં જોવા મળ્યો હતો. તેમજ ૭૪ વર્ષના પ્રતાપરાય દેવરાય જોગીએ પણ પેરાશુટમાં ઉડવાનો લાભ લઈ ઘન્યતા અનુભવી હતી. આ ૭૪ વર્ષીય વૃધ્ધે બીજીવાર લ્હોવો લેશે તેમ જણાવી યુવાનો અને બાળકોને પ્રેરણા આપી હતી.

### રવિવારથી જેમીનીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો

# વર્ષ ૨૦૧૪નો આખરી જેમીનીડસ ઉલ્કા વર્ષાનો અવકાશી નજારો

## રવિવારથી નવ દિવસ સુધી આકાશમાં ઉલ્કા વર્ષાનો નજારો

અમદાવાદ,દુનિયાભરનાં લોકોએ ઓકટોબર-નવેમ્બરમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો અદભૂત આનંદ મેળવ્યો છે ત્યારે વર્ષ ૨૦૧૪નો આખરી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો ડિસેમ્બર તા.૭ મી થી તા.૧૭ સુધી સ્વચ્છ આકાશમાં નરી આંખે જોઈ શકાશે. રાજયમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો આનંદ મેળવવા ભારત જન વિજ્ઞાન જાથાની કચેરીએ લોકોને અપીલ કરી છે.

'જાથા'ના રાજય ચેરમેન જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે ડિસેમ્બર માસમાં તા.૭ મી થી ૧૭ સુધી જેમીનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદભૂત જોવા મળે છે. દેશ-વિદેશમાં કલાકમાં ૧૦ થી ૫૦ અને વધુમાં વધુ ૧૦૦ ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીનાં દ્રશ્યો જેવી અવકાશમાં જોવા મળે છે અવકાશી અજ્ઞાનતાના કારણે આકાશમાં અગ્નિનાં બિહામણા દ્રશ્યો જોઈ અમુક લોકો અચંબા સાથે હોનારત જેવો ભય અનુભવે છે વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે.

વધુમાં પંડયા જણાવે છે કે જેમીનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહતમ તા.૧૪-૧૫ બે દિવસ શ્રેષ્ઠ માનવામાં આવે છે. નરી આંખે સ્વચ્છ આકાશમાં સ્પષ્ટ નજારો જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ પહેલા અને વહેલી સમય શ્રેષ્ઠ છે ચારેય દિશામાં ગમે ત્યારે દિવસે-રાત્રે ઉલ્કાવર્ષા થાય છે તા.૧૩,૧૪ અને ૧૫ મી શનિથી સોમ ઉલ્કા જોવાનું ચુકશો નહિ ખગોળપ્રેમીઓ દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી પડાવ નાખશે ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાનાં દ્રશ્યો આકાશમાં જોવા મળશે.

